અપીલ અરજી નં.૭૦ તા.૨૫–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી દિપક પટેલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સ્લમ અપગ્રેડેશન સેલ)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક પટેલ,કમલેશ ચોડવડીયા તથા મહાબલી રાજભરની તા.૧૯–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.ર.૧ વરાછારોડ હિરાબાગથી એ.કે. રોડ તરફ જવાના માર્ગ ઉપર આવેલી મહાકાળીનગર ઝુપડપટ્ટીમાં રહેતા લોકોને **Jn NURM- BSUP** અંતર્ગત આવાસ ફાળવણી માટે બાયોમેટ્રીક સર્વે કર્યા બાદ તૈયાર કરેલ તમામ રજીસ્ટરની ચકાસણી તથા નોંધ ઉતારો કરવાની જોગવાઈ મુજબની કાર્યવાહી મુદ્દા નં.ર.ર મહાકાળી નગર ઝૂપડપટ્ટીમાં આપશ્રીની કચેરી યા સંબંધિત વિભાગ ધ્વારા સ્માર્ટકાર્ડ આપવામાં આવ્યા હોય તે સંબંધી દસ્તાવેજો–રજીસ્ટરની ચકાસણી તથા નોંધ ઉતારો કરવાની અરજી વિ.માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૫–૫–૧૦ ની **SMC/FAP/** નં.૭૦/૨૦૧૦–૧૧

શ્રી દિપક પટેલ,કમલેશ ચોડવડીયા તથા મહાબલી રાજભરની તા.૧૯–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.ર.૧ વરાછારોડ હિરાબાગથી એ.કે. રોડ તરફ જવાના માર્ગ ઉપર આવેલી મહાકાળીનગર ઝુપડપટ્ટીમાં રહેતા લોકોને **Jn NURM- BSUP** અંતર્ગત આવાસ ફાળવણી માટે બાયોમેટ્રીક સર્વે કર્યા બાદ તૈયાર કરેલ તમામ રજીસ્ટરની ચકાસણી તથા નોંધ ઉતારો કરવાની જોગવાઈ મુજબની કાર્યવાહી મુદ્દા નં.ર.ર મહાકાળી નગર ઝૂપડપટ્ટીમાં આપશ્રીની કચેરી યા સંબંધિત વિભાગ ધ્વારા સ્માર્ટકાર્ડ આપવામાં આવ્યા હોય તે સંબંધી દસ્તાવેજો–રજીસ્ટરની ચકાસણી તથા નોંધ ઉતારો કરવાની અરજી વિ.માહિતી આપવા બાબતે રેકર્ડ ચકાસણી નોંધ ઉતારાની સગવડ કરેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૭ તા.ર–૬–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/અરજી નં.૧૨૧ તા.૭–૬–૧૦ થી સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી તા.૧૦–૬–૧૦ ના રોજ પૂરક વિગતોમાં વરાછાઝોન તરફથી તબદીલ થયેલ પત્ર નં.૧૨૧ તા.૩૦–૫–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં:એસયુસી/આ.નં.૪૮૦ તા.૧૦–૬–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૯–૫–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભમાં નિર્દિષ્ટ કર્યા બાબતે મુદ્દા નં.ર.૧ થી ર.ર. ની માહિતી માંગતી અરજી વરાછાઝોન માહિતી અધિકારીને કરવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી પત્રનં. આરટીઆઈ સેલ / આ.નં.૧૨૧ તા.૩૦–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે સમય અવધિમાં જવાબ ન મળવાથી અપીલ અરજી કરવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એસયુસી/આ.નં.૪૮૦ તા.૧૦–૬–૧૦ થી અરજદાર શ્રી કમલેશ એન. ચોડવડીયાને પત્ર નં.એસયુસી/આ.નં. ૪૮૦ તા.૧૦–૬–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.ર.૧ વરાછારોડ હિરાબાગથી એ.કે. રોડ તરફ જવાના માર્ગ ઉપર આવેલી મહાકાળીનગર ઝુપડપટ્ટીમાં રહેતા લોકોને **Jn NURM- BSUP** અંતર્ગત આવાસ ફાળવણી માટે બાયોમેટ્રીક સર્વે કર્યા બાદ તૈયાર કરેલ તમામ રજીસ્ટરની ચકાસણી તથા નોંધ ઉતારો કરવાની જોગવાઈ મુજબની કાર્યવાહી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોન વિસ્તારમાં આવેલ મહાકાળીનગર ઝુંપડપટ્ટીનું લોક વિરોધને કારણે બાયો મેટ્રીક સર્વે અને એન્રોલમેન્ટની કાર્યવાહી થઈ શકેલ નથી જેથી ચકાસ ણી માટે જણાવેલ રજીસ્ટર તથા નોંધ સ્લમ અપગ્રેડેશન ખાતામાં ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.ર.ર મહાકાળી નગર ઝૂપડપટ્ટીમાં આપશ્રીની કચેરી યા સંબંધિત વિભાગ ધ્વારા સ્માર્ટકાર્ડ આપવામાં આવ્યા હોય તે સંબંધી દસ્તાવેજો–રજીસ્ટરની ચકાસણી તથા નોંધ ઉતારો કરવાની અરજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મહાકાળીનગર ઝુંપડપટ્ટીનું લોક વિરોધને કારણે બાયો મેટ્રીક સર્વે અને એન્રોલમેન્ટની કાર્યવાહી થઈ શકેલ નથી જેથી સ્માર્ટકાર્ડ તૈયાર થઈ શકેલ નથી. તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–ર(એફ) અને ર(જે) અનુસાર જાહેર સત્તા મંડળ પાસેના ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરની માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગતે બાબત હેઠળની દફતર કાર્યવાહી થયેલ ન હોઈ દફતર નહીં હોવાનું જણાવેલ છે જેથી તપાસણી આપવા અસમર્થતા દર્શાવેલ છે. જે જોગવાઈ સાથે સુસંગત છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૯–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), .... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિપક પટેલ,